# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

" સમૃધ્ધિ ", એનેક્ષી, ૪થો માળ, મકકાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ००૧
ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.०૨૬૧–૨૪૭૨૩૪૦
E-mail : info@sgcci.com Website : www.sgcci.com

રેફ નં. તાઃ ०૯/०૬/૨००૮
તંત્રીશ્રી,_____________________________________________સુરત.
જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.
લિ.
આપનો વિશ્વાસુ,

(ડે.સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા વેપાર ઉદ્યોગમાં શ્રેષ્ઠ ગુણવત્તાને સન્માનિત કરાઈ.

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ગોલ્ડન જયુબીલી મેમોરીયલ ટ્રસ્ટ એવોર્ડ દ્વારા શહેરની ટોચના ઉદ્યોગો, સંસ્થાઓ અને વ્યકિતઓને તેમના ક્ષેત્રમાં શ્રેષ્ઠ પ્રદાન કરવા બદલ સન્માનવાનો કાર્યક્રમ યોજાયો હતો.

ચેમ્બરની ગોલ્ડન જયુબીલી મેમોરીયલ એવોર્ડ સમિતિ દ્વારા વર્ષ ૨००૬–०૭ ના સમય ગાળામાં જેમણે સમાજને શ્રેષ્ઠ પ્રદાન કર્યુ છે તેમને એવોર્ડસ એનાયત કરાયેલ હતા. એવોર્ડ આપવાના સમારોહમાં જાણીતા અદાણી ગ્રુપના ચેરમેનશ્રી ગૌતમભાઈ અદાણી અધ્યક્ષ તરીકે અને વિવિધ એવોર્ડસથી નવાજીત તેમજ ટાટા કન્સલ્ટન્સી લી. ના ભૂતપૂર્વ ડે. ચેરમેન પદ્મભૂષણ ડો. એફ.સી.કોહલીના મુખ્ય અતિથી પદે યોજાયો હતો.

ચેમ્બરના ભૂ. પૂ પ્રમુખ અને ગોલ્ડન જયુબિલી મેમોરીયલ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી રજનીકાંત મારફતિયાએ સૌનું સ્વાગત કર્યુ હતું અને જણાવ્યું હતું કે, દક્ષિણ ગુજરાતની સંસ્થાઓ જે ઉત્તમ કાર્ય કરે છે તેઓને સન્માનિત કરીને ખુદ ચેમ્બર ગૌરવવંતી બને છે.

વિશાળ પાયાના ઉદ્યોગો માટે એલ એન્ડ ટીના વી. સી. બેદી તથા રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના એચ. એસ. કોહલીને સીઈઓ ઓફ ધી યરનો એવોર્ડ અપાયો હતો. જયારે, નિકાસ ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રદાન બદલ ગુપ્તા સિન્થેટીકસપ સહજાનંદ મેડીકલ ટેકનોલોજીસ, ડી. કે. જવેલર્સ, જયદીપ ઈન્ડસ્ટ્રીઝ, વિક્રમ નિટેક્ષ પ્રા.લી.ને એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત એનર્જી કન્ઝર્વેશન માટે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લી., બિઝનેશ હાઉસ દ્વારા સોશિયલ વેલફેર માટે બિરલા સેલ્યુલોસિક તથા એન્વાયરમેન્ટકન્ઝર્વેશન અને પોલ્યુશન કંટ્રોલ માટે એનવાઈરો કંટ્રોલ તથા સુમુલને એવોર્ડ આપવામાં આવ્યો હતો.

હિમસન ગ્રુપના એમ.ડી. શ્રી ભોગીલાલ બચકાનીવાલાને બિઝનેસ પર્સન ઓફ ધી યરનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો, આ ઉપરાંત સમારોહમાં યુનાઈટેડ ફોસ્ફરસ, સુરત મહાનગર પાલિકા તથા ટેક્ષ્ટાઈલ કલબને વિવિધ કેટેગરીના એવોર્ડઝ મળ્યા હતાં.

**<u>એવોર્ડ હાંસલ કરનારા ઉદ્યોગ જૂથો/સાહસિકો</u>**

| | |
|---|---|
| ચીફ એકઝીકયુટીવ ઓફ ધી યર | – શ્રી વી.સી.બેદી – એકઝીકયુટીવ વાઈસ પ્રેસીડન્ટ (એલ. એન્ડ ટી.)<br>– શ્રી હરદેવસીહ કોહલી – સીઈઓ (રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લી.) |
| એકસેલન્સ ઈન ઈમ્પ્રૂવિંગ પ્રોડકટીવિટી | – લાર્સન એન્ડ ટયુબ્રો |
| સોશિયલ વેલફેર(બિઝનેશ હાઉસ) | – બિરલા સેલ્યુલોસિક |
| સોશિયલ વેલફેર પ્રોગ્રામ(એનજીઓ) | – સૌરાષ્ટ્ર જલધારા ટ્રસ્ટ |
| બિઝનેસ પર્સન ઓફ ધી યર | – શ્રી ભોગીલાલ બચકાનીવાલા – એમ.ડી. (હિમસન એન્જીનિયરીગ પ્રા. લી.) |
| એનર્જી કન્ઝર્વેશન | – રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લી. |
| એન્વાયર્મેન્ટ કન્ઝર્વેશન અને પોલ્યુશન કંટ્રોલ | – એન્વાયરો કન્ટ્રોલ એસો. પ્રા.લી.<br>– સુમુલ |
| લાર્જ સ્કેલ કેમીકલ એન્ડ ફાર્માસ્યુટીકલ્સ | – યુનાઈટેડ ફોસ્ફરસ લી. |
| એક્ષ્પોર્ટ લાર્જ સ્કેલ ટેક્ષ્ટાઈલ્સ | – ગુપ્તા સિન્થેટીકસ લી. |
| એક્ષ્પોર્ટ સ્મો સ્કેલ કેમીકલ્સ એન્ડ ફાર્મા. | – સહજાનંદ મેડીકલ ટેકનોલોજીસ |
| અક્ષ્પોર્ટ સ્મોલ સ્કેલ ડાયમંડસ એન્ડ જવેલરી | – ડી. કે. જવેલર્સ |
| એક્ષ્પોર્ટ સ્મોલ સ્કેલ એન્જીનિયરીગ ગુડઝ | – જયદીપ ઈન્ડસ્ટ્રીઝ |
| એક્ષ્પોર્ટ સ્મોલ સ્કેલ ટેક્ષ્ટાઈલ્સ | – વિક્રમ નિટીગ પ્રા. લી. |
| યુટીલાઈઝેશન ઓફ કોમ્યુનિકેશન એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી | – સુરત મહાનગર સેવાસદન |
| ટ્રેડ ઈન્ડસ્ટ્રી માટે એસો.ના પ્રયાસો | – ધી સુરત ટેક્ષ્ટાઈલ કલબ |
| રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ | – સહજાનંદ ટેકનોલોજીઝ પ્રા. લી. |